# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૬ તા.૧૮-૦૪-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ ઉનાળું વેકેશન બાબત.**

**સંદર્ભ :-** **ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૫૧૮૨-૧૬૬૮ તા.૧૩-૦૪-૨૦૨૩**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા આપેલ સુચના અનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદની તમામ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નું ઉનાળું વેકેશન તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૦૪/૦૬/૨૦૨૩ સુધી જાહેર કરવામાં આવે છે. તા.૦૫/૦૬/૨૦૨૩ના રોજ રાબેતા મુજબ શાળાઓ શરૂ થશે.

- વેકેશન પડતાં પહેલાં પાણીની ઓવરહેડ તથા અંડર ગ્રાઉન્ડ ટાંકીના ઢાંકણાં ચૂસ્ત છે કે કેમ ? તે ચેક કરવાં.
- વેકેશનમાં સફાઈ કામદાર શાળાના મકાનની તથા સેનેટરી બ્લોકની દરરોજ સફાઈ કરે તે અંગે તેઓને લેખિત સૂચના આપવી.
- શાળાના મકાનના ઓરડાઓ સાફ કરી, બારી બારણાં બંધ કરવા અને દરેક ઓરડાઓને તાળાં મારવાં તેમજ શાળામાં લાઈટ તેમજ પંખા કોઈપણ વર્ગમાં ચાલુ ન રહે તે ખાસ ધ્યાન રાખવું. લાઈટ તથા પાણીના નળ કાળજીપૂર્વક ચકાસી બંધ કરવા. શાળાના મેદાનનો વેકેશન દરમ્યાન અન્ય બહારની વ્યક્તિઓ ઉપયોગ ન કરે તે અંગે શાળાના પગી તથા સિક્યુરીટીને લેખિત સૂચના આપવી. પગી/સિક્યુરીટીએ શાળા છોડવાની રહેશે નહી.
- શાળાના કોમ્પ્યુટર રૂમમાં તમામ કોમ્પ્યુટર,ટીવી વિગેરે ઈલેક્ટ્રોનીક સાધનો ઢાંકી દેવા અને કોમ્પ્યુટર સાચવણી બાબતે તેમજ અન્ય વસ્તુઓની સાચવણી બાબતે ખાસ તકેદારી રાખવી. શાળામાં અગાશી કે ધાબાની મુલાકાત લઈ કોઈ સરસામાન પડેલ હોય તો તેનો પણ નિકાલ કરવો તેમજ અગાશીના બારણા પણ બંધ કરી કોઈ વ્યક્તિ તેની તરફ જાય નહી તેની તકેદારી રાખી તાળુ મારવું. વેકેશન દરમ્યાન કોઈ આકસ્મિક બનાવ બને તો પગી / સિકયુરીટી તમોને જાણ કરે તેમ જણાવવું તેમજ આ માહિતી સ્કૂલ બોર્ડના જે-તે અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.
- કેટલીક શાળાઓમાં ખૂબ જ ઘટાદાર અને જૂના વૃક્ષો હોય છે. તેમની ડાળીઓનાં ભારને કારણે વૃક્ષ થડમાંથી નમી જાય છે. તો ચોમાસા દરમ્યાન જે વૃક્ષો પડી જવાનો ભય રહેલો હોય તે વૃક્ષોનું ઉનાળુ વેકેશન દરમ્યાન બગીચા ખાતા દ્વારા ટ્રીમીંગ કરાવશો. વૃક્ષ ટ્રીમીંગની કામગીરી દરમ્યાન પગી/સિક્યુરીટી ગાર્ડ અવશ્ય હાજર રહે અને વૃક્ષોની કાળજી રાખે તેવી ખાસ સૂચના આપશો. ઉનાળુ વેકેશન દરમ્યાન ઝાડનું ટ્રીમીંગ કરાવવામાં નહીં આવે અને ચોમાસા દરમ્યાન વૃક્ષ પડવાને કારણે થનાર નુકશાનની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. વેકેશન દરમ્યાન ફૂલ-છોડને પાણી પાવાની તથા શાળાની મિલ્કતની જાળવણી અંગેની જરૂરી વ્યવસ્થા કરશો અને તે અંગે પણ પગી/સિક્યુરીટીને સૂચના આપશો.
- સ્કુલ બોર્ડના અધિકારીશ્રીઓ દ્વારા વેકેશન દરમ્યાન આકસ્મિક સંજોગોમાં શાળામાં રૂમ ફાળવણી કરવા માટે જણાવવામાં આવે ત્યારે સમયસર જે-તે રૂમો,પ્રાંગણ,શાળા ફાળવી શકાય તે માટે મુખ્ય શિક્ષકશ્રીએ શાળાના પગી/સિક્યુરીટી સાથે સતત સંપર્કમાં રહેવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૪-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :-**

**પરિપત્ર નં.૩૪ તા.૩૦-૦૬-૨૦૨૨ મુજબ ઉર્દૂ માધ્યમ તથા ઝોનલ શાળાઓમાં પાળવાના તહેવારો અને વેકેશનની યાદીમાં તા.૨૦-૦૪-૨૦૨૩ના રોજ શબે કદ્રની જાહેર રજાના દિવસે પરીક્ષા હોવાથી આ દિવસે શાળા ચાલુ રાખવી આ દિવસની રજાને બદલે તા.૨૫-૦૪-૨૦૨૩ના રોજ રમઝાન ઈદના બીજા દિવસે રજા જાહેર કરવામાં આવે છે.**

તા.૧૮-૦૪-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃ:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/ ૧૫૮૨-૧૬૫૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૩/૦૪/૨૦૨૩

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન નિયત કરવા બાબત.

રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવેલ તારીખ મુજબનુ ઉનાળુ અને દિવાળી વેકેશન રાખવામાં આવે છે. જે મુજબ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ, સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, સ્વનિર્ભર પીટીસી કોલેજોમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં નીચે જણાવેલ તારીખે ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે.

**ઉનાળુ વેકેશનનો સમય ગાળો**

- તા. ૦૧/૦૫/૨૦૨૩ થી તા. ૦૪/૦૬/૨૦૨૩ સુધી (૩૫ દિવસ)
- તા. ૦૫/૦૬/૨૦૨૩ થી રાબેતા મુજબ શાળાઓ શરૂ થશે

ઉક્ત બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સંકલનમાં રહીને વેકેશનની તારીખો જાહેર કરવાની રહેશે. જેથી પ્રાથમિક/માધ્યમિક બંને શાળાઓના બાળકોના વેકેશનની તારીખ એક જ સરખી રહી શકે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ આ પત્રની જાણ સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, સ્વનિર્ભર પીટીસી કોલેજો તેમજ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવાની રહેશે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ,**

- નાયબ સચિવશ્રી,(પ્રા.શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

Scanned by CamScanner